

સેકટર ૨૪ ચારરસ્તા પાસે મોટી ખુલ્લી ગટર અકસ્માતને નોંતરશે.


# ચંદ્રયાન-૩ના વિક્રમ લેન્ડરના સોફ્ટ લેન્ડિંગના લાઈવ સ્ટ્રીમનું આયોજન

## સાયન્સ સિટી ખાતે ગુજકોસ્ટના સંયુક્ત ઉપક્રમે તા.૨૩ ઓગસ્ટના રોજ વિવિધ આયોજન

ગાંધીનગર, તા. ૨૧

ભારતનું ચંદ્રયાન-૩ મિશન ૨૩મી ઓગસ્ટના રોજ ચંદ્રયાન-૩નું મહત્ત્વપૂર્ણ લેન્ડિંગ કરીને ઈતિહાસમાં પોતાનું નામ અંકિત કરવાની તૈયારી કરી રહ્યું છે ત્યારે રાષ્ટ્રનું હૃદય અપેક્ષા સાથે ધબકી રહ્યું છે. ચંદ્રની સપાટી પર ચંદ્રયાન-૩ના સફળ ઉતરાણની આતુરતાપૂર્વક રાહ જોઈને વિશ્વની નજર આ અસાધારણ ઘટના પર ટકેલી હશે. આ અવિસ્મરણીય સિદ્ધિની યાદમાં, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) અને ગુજરાત સાયન્સ સિટી ગર્વથી ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે, ૨૩ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ સવારે ૮:૦૦થી વાગ્યા સુધી એક વિશિષ્ટ આઉટરીચ પ્રોગ્રામ રજૂ કરશે.

આ ઈવેન્ટ તમામ પ્રતિભાગીઓ માટે આકર્ષક પ્રવૃત્તિઓની આકર્ષક શ્રેણી દર્શાવવા માટે સેટ છે. હાઈલાઈટ્સમાં પ્રતિષ્ઠિત અવકાશ વૈજ્ઞાનિકો સાથે ઈન્ટરેક્ટિવ સત્રો, મનમોહક ચંદ્ર-થીમ આધારિત મૂવીઝ અને વિવિધ વિદ્યાર્થીઓ-કેન્ટર પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. ચંદ્રયાન-૩ની સફળતા માટે પ્રાર્થનાથી માંડીને મિશન મૂન ફરતે યોજાયેલી રોમાંચક ક્વિઝ જેવી કે બેસી-એન્ડ-ડ્રો, નિબંધ લેખન, કવિતા રચના, કોયડાઓ અને રોમાંચક ક્વિઝ જેવી આકર્ષક સ્પર્ધાઓ સુધી સ્પર્ધકો એક સમૃદ્ધ અનુભવ મેળવી રહ્યાં છે. વધુમાં,




આ દિવસની ઉજવણી વધુ આનંદથી ભરાઈ જશે જયારે તેમાં સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ અને ઉત્સાહી મ્યુઝિકલ ચેર ગેમ દર્શાવવામાં આવશે. રાજ્યભરના વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓને આ એક પ્રકારની ઈવેન્ટમાં ભાગ લેવા માટે ગુજકોસ્ટ દ્વારા દિલથી પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યાં છે. આ ઉત્સુકતાપૂર્વક અપેક્ષિત ઈવેન્ટ બુધવાર, ૨૩ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ સાંજે ૫:૩૦ થી ૬:૩૦ વાગ્યા સુધી સુનિશ્ચિત થયેલ છે, ત્યારબાદ સાંજે ૬:૩૦ થી ૭:૩૦ pm વચ્ચે રોવરનું મહત્વપૂર્ણ રોલ-આઉટ થશે. ચંદ્રની સપાટી પર ચંદ્રયાન-૩ના વિક્રમ લેન્ડરના સોફ્ટ લેન્ડિંગનો લાઈવ સ્ટ્રીમ ઐતિહાસિક ક્ષણમાં સહભાગી થવા માટેનો કાર્યક્રમ અમદાવાદના સાયન્સ સિટીના એમ્ફી થિયેટર ખાતે યોજાશે.

આધુનિક જીવન પર અવકાશ ટેક્નોલોજીની દૂરગામી અસરને ઓળખીને, ગુજકોસ્ટનો ઉદ્દેશ્ય શિક્ષણમાં અવકાશ સંશોધનના ઉત્તેજનાને એકીકૃત કરીને આગામી પેઢીને પ્રેરણા આપવાનો છે. સ્પેસ એપ્લીકેશન સેન્ટર (SAC-ISRO) અને ભૌતિક સંશોધન પ્રયોગશાળાના પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિકોને બાળકો અને સામાન્ય લોકોને એકસરખું જોડવા માટે જ્ઞાનપ્રદ સત્રો યોજવા માટે આમંત્રિત કરવામાં આવી રહ્યા છે. ખાસ સુવિધા તરીકે, ઉપસ્થિત નાગરિકો ચંદ્રયાન અને મૂન મિશન વિશેની પ્રેરણાદાયી ફિલ્મોનો આનંદ લઈ શકે છે, સાયન્સ સિટીની અંદર હોલ ઑફ સ્પેસ ખાતે વર્ચ્યુઅલ ચંદ્ર પ્રવાસની શરૂઆત કરી શકે છે અને ઈમર્સિવ સ્ક્રીન ૩ડી થિયેટર દ્વારા ચંદ્ર પર ચાલવાની સંવેદનાનો અનુભવ કરી શકે છે. સમગ્ર દિવસ દરમિયાન, મુલાકાતીઓ અવકાશ સંશોધન અને રોકેટરીની સમજને પ્રોત્સાહન આપીને મનમોહક પ્રદર્શન સ્ટેશનો અને હાથ પરની પ્રવૃત્તિઓમાં જોડાઈ શકે છે.

# ગાંધીનગર ખાતે ગુજરાત ઓપન ચેસ સ્પર્ધા સંપન્ન

## ૧૫૦ સ્પર્ધકોએ ગાંધીનગરની ચેસ સ્પર્ધામાં ભાગ લીધો

ગાંધીનગર,તા.૨૧

ચેસ એસોસિએશન ગાંધીનગર દ્વારા ગઈ કાલ રવિવારે ગાંધીનગર ખાતે અલગ અલગ ચાર વિભાગ માં ઓપન ગુજરાત ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું જેમાં ગુજરાત ના વિવિધ જિલ્લામાંથી ૧૫૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો.આ સ્પર્ધામાં ૯ વર્ષ થી નીચેના વિભાગ માં પ્રથમ રેઅંસ સોદાની, દ્વિતિય પ્રિયામી અગ્રવાલ અને તૃતીય શ્રેયાસ સોલંકી રહ્યા હતા.૯ થી ૧૨ વર્ષના વિભાગમાં પ્રથમ સંન્યામી શાહ, દ્વિતિય અનય શાહ અને તૃતીય હેત વ્યાસ રહ્યા હતા.૧૨ થી ૧૫ વર્ષ ના વિભાગમાં પ્રથમ રેયાન સોની , દ્વિતિય સોહમ ગાંધી અને તૃતીય દેવાશ્ય ઠાકર રહ્યા હતા, જ્યારે ઓપન ગ્રુપ માં ચેમ્પિયન નિવીદ રાણા, રનરઅપ રુદ્ર પાઠક અને તૃતીય જયેશ જાદવ બન્યા છે.પ્રથમ ત્રણ ગ્રુપના ૧,૨ અને ૩ નંબર ને ટ્રોફી થી સન્માન્યા હતા અને ૪ થી ૧૦ નંબર નું મેડલ થી સન્માન કરાયું હતું. જ્યારે ઓપન ગ્રુપ ના વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કારો અને આશ્વાસન પુરસ્કારો એનાયત કરાયા હતા.સ્પર્ધામાં વિજેતાઓ ને ચેસ એસોસિએશન ગાંધીનગર ના પ્રેસિડેન્ટ શ્રી પી. એમ ઝાલા, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી લક્ષ્મણસિંહ આર રાજપૂત તથા અન્ય હોદેદારો ના હસ્તે ઈનામ વિતરણ કરાયું હતું. અને આરબીટર તરીકે શ્રી પંકજ પંચોલી, શ્રી રાંદેરીયા તેમજ અન્ય અગ્રણીઓએ સેવા આપી હતી.



એક તરફ શહેરમાં વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થયો છે અને બીજી તરફ વરસાદી માહોલમાં માખી-મચ્છર વગેરેના ઉપદ્રવને પગલે બિમારીઓમાં વધારો પણ જોવા મળી રહ્યો છે. આ મૌસમી રોગચાળો વધુ વકરે નહીં તે હેતુથી શહેરમાં મેલેરિયા વિભાગ દ્વારા પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી છે જે અંતર્ગત સરગાસણ ગામ અને સોસાયટી વિસ્તારમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ અને કામગીરી કરવામાં આવી હતી.




પાટનગરમાં મેટ્રો રેલવેનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે જેના પગલે શહેરના વિવિધ માર્ગો પર નાગરિકોને થોડી-ઘણી પરેશાનીનો પણ સામનો કરવો પડી રહ્યો છે. આ સ્થિતિમાં શહેરના ઘ-૫ સર્કલથી ૧૭/૨૨ તરફ જવાના માર્ગે મેટ્રોના કામ સાથે કેટલાક વાહનચાલકો દ્વારા આડેધડ વાહન પાર્કિંગ કરવાની સમસ્યાથી ટ્રાફિકમાં અડચણરૂપ સ્થિતિ સર્જાઈ રહી છે.

# ભાગ્યેશ જહાને પીએચ.ડી.ની ડીગ્રી એનાયત કરાશે

ગાંધીનગર,તા.૨૧

સંસ્કૃતના વિદ્વાન, પ્રસિદ્ધ કવિ,લેખક અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ વાસુદેવ જહાને અમેરિકાના ફ્લોરિડા સ્થિત ઈન્ટરનેશનલ હિન્દુ યુનિવર્સિટી દ્વારા 'The theory of trans for mation and novel approach to excellence in Bhagavad Gita.'એ વિષય પર લખેલા મહાનિબંધ બદલ



પીએચ.ડી. ની ડીગ્રી એનાયત કરવામાં આવી છે.જાણવા મળતી વિગતો પ્રમાણે ભાગ્યેશ જહા આ ડીગ્રી લેવા ટૂંક સમયમાં અમેરિકા જશે.

# પડતર પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ ના જણાતાં રેશન ડીલરોની અસહકાર ચળવળ

## નીતિ વિષયક સર્વ સંમતિ સધાઈ ગયા બાદ પુરવઠા વિભાગ પાસેથી દરખાસ્ત કરવાનું કરાયેલું કમીટમેન્ટ હજુ સુધી પાળવામાં નહીં આવતા ફેર પ્રાઇસ ઓનર્સ એસોસિઅન રોષે ભરાયું

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યના રેશન ડીલરોના પડતર પ્રશ્નો બાબતે ઘણા લાંબા સમયથી કરવામાં આવેલી લેખિત અને મૌખિક રજૂઆતો અંગે ચોક્કસ નીતિ વિષયક સર્વ સંમતિ સધાઈ ગયા બાદ પુરવઠા વિભાગ પાસેથી દરખાસ્ત કરવાનું કરાયેલું કમીટમેન્ટ હજુ સુધી પાળવામાં નહીં આવતા અસહકાર ચળવળનું એલાન કરવામાં આવ્યું છે.

આ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના ફેર પ્રાઈસ શોપ ઓનર્સ એસોસિઅન દ્વારા જિલ્લા કલેક્ટર અને મામલતદારને આવેદન પત્ર આપીને આગામી સપ્ટેમબર માસનો જથ્થો રેશન ડીલરો નહીં ઉપાડે તેવી ચીમકી આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના ફેર પ્રાઈસ શોપ ઓનર્સ એસોસિઅન દ્વારા આપવામાં આવેલા આવેદન પત્રમાં તેમણે જણાવ્યું છે કે ગુજરાતમાં રેશન ડીલરોના પડતર પ્રશ્નો બાબતે રાજ્યના બંને એસોસિએશન ઘણા લાંબા સમયથી લેખિત અને મૌખિક રજૂઆતો બાબતે સરકાર સાથે અને સરકારના અધિકારીઓ સાથે પણ અનેક બેઠકો થઈ ચૂકી છે તેમા સરકાર દ્વારા પડતર પ્રશ્નો અંગે ચોક્કસ નીતિ વિષયક સર્વ સંમતિ સધાઈ ગયા બાદ પુરવઠા વિભાગ પાસેથી દરખાસ્ત કરવાનું કમીટમેન્ટ કરવામાં આવ્યું હતુ તેમ છતાં લાંબા સમયથી પડતર માંગણીઓની સતત ઉપેક્ષા થઈ રહી હોવાથી અને યોગ્ય હકારાત્મકતા પણ નહીં મળતા ગાંધીચિંધ્યા માર્ગે રાજ્ય એસોસિએશન દ્વારા તારીખ ૪/૮/૨૦૨૩ના રોજ ગુજરાત સરકારના મખ્યમંત્રી અને કેબિનેટ પુરઠામંત્રીને પત્ર દ્વારા જણાવેલ છે કે અમારા રેશન ડીલર એસોસિયેશનને કમીટમેન્ટ મળેલ પડતર માંગણીઓ લાંબા સમયથી વણ ઉકેલાયેલી રહી હોવાથી ન છૂટકે મજબૂરીવશ આવી કારમી મોંઘવારીમાં રાજ્ય લેવલના બંને એસોસિએશનની સંયુક્તઉપક્રમે તા.૦૧/૦૮/૨૦૨૩ના રોજ મળેલ સાધારણ સભામાં સર્વાનુંમતે નક્કી થયા મુજબ અગામી સપ્ટેમ્બર ૨૦૨૩નો જથ્થો ગુજરાતના કોઈપણ રેશન ડીલરો દુકાને કાર્ડ ગ્રાહકોને વિતરણ માટે જથ્થો ઉપાડશે કે ઉતારશે નહીં. આ ઠરાવને તાલુકા અને જીલ્લાના એસોસિઅને પણ સંપૂર્ણપણે સમર્થન ટેકો જાહેર કાર્યો છે અને તે મુજબ જિલ્લના રેશન ડીલરો સપ્ટેમબર ૨૦૨૩નો જથ્થો ઉપાડ કે દુકાને ઉતારીશે નહીં.




ગાંધીનગરમા જોવા મળતા આવા ભાષાકીય ભૂલવાળા બેરીકેટ ખટકે છે..

# સરગાસણમાં પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વૃક્ષારોપણ કરાયું



ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરને ફરી હરિયાળુ બનાવવા માટે શહેરના પ્રકૃતિ પ્રેમી નાગરિકો અને સ્વૈચ્છિક સંસ્થાઓ તેમના પ્રયાસો કરી રહ્યાં છે. સરગાસણ ખાતે તારીખ ૨૦-૦૮-૨૦૨૩ના રોજ પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ટીપી-૯માં રિંગ રોડના ડિવાઈડરમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો જેમાં ૭૦ વૃક્ષ રોપવામાં આવ્યા છે.

વૃક્ષારોપણની શરૂઆત ફોટોનિક્સ વોટરટેક કંપનીના દાતા બ્રિજેશભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણમાં બાળકોએ પણ ભાગ લઈને તેમનું યોગદાન આપ્યું હતું.

# ગાંધીનગર ખાતે ગુજરાતનો સૌથી મોટો ટ્રાવેલ ટ્રેડ નેટવર્કિંગ શો યોજાશે

## આગામી તા. ૨૩થી ૨૫ ઓગષ્ટ દરમ્યાન મહાત્મા મંદિર ખાતે ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ફેર "ટીટીએફ અમદાવાદ ૨૦૨૩"નું આયોજન

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ખાતે આગામી તા.૨૩થી ૨૫ ઓગષ્ટ દરમ્યાન ટીટીએફ સિરીઝના રાજ્યના સૌથી મોટા શો ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ફેર "ટીટીએફ અમદાવાદ-૨૦૨૩"નું મહાત્મા મંદિર કન્વેન્શન અને એક્ઝિબીશન સેન્ટર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ ફેરમાં આશરે ૮૦૦થી વધારે દેશ અને વિદેશના પ્રવાસન સ્થળોએથી એક્ઝિબિટર્સ સામેલ થશે.

ગુજરાતના સૌથી મોટા ટ્રાવેલ ટ્રેડ તરીકે ઉભરી આવતા ટીટીએફ અમદાવાદ- ૨૦૨૩માં આર્મેનીયા, ભારત, જ્યોર્જીયા, જાપાન, કઝાકીસ્તાન, કેન્યા, નેપાળ, રશિયા, થાઈલેન્ડ, તુર્કી, યુએઈ, યુનાઈટેડ કિંગ્ડમ, ઉઝબેકિસ્તાન અને વિયેતનામ જેવા દેશ સામેલ થશે. ટીટીએફ અમદાવાદને બિહાર, ગોવા, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, કર્ણાટક, કેરળ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, મેઘાલય, ઓડીશા, પંજાબ, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશ સહિત ભારતના વિવિધ રાજ્યો તરફથી મજબૂત સમર્થન પ્રાપ્ત થયો છે.

આ ઉપરાંત આંદામાન-નિકોબાર, આસામ, દિલ્હી, પુડુચેરી, સિક્કીમ, તેલંગણા અને પશ્ચિમ બંગાળ પણ સક્રિયપણે સામેલ થઈ રહ્યા છે.

ટીટીએફ અમદાવાદ નિઃશંકપણે ગુજરાત અને તેની આસપાસના સ્થાનિક ટ્રાવેલ માર્કેટ સુધી પહોંચવાનું શ્રેષ્ઠ પ્લૅટફોર્મ છે, જે ભારતના ઘરેલું તથા આંતરરાષ્ટ્રિય ટુરિઝમનું મુખ્ય ટ્રાવેલ સોર્સ માર્કેટ છે. આ રાજ્યનો દેશના સૌથી વધુ ધનિક રાજ્યોમાં સમાવેશ થાય છે, જેમાં ટુરિઝમ, કૃષિ, ઓટોમોબાઈલ, ફાર્માસ્યુટિકલ, એક્સપોર્ટ અને ઈમ્પોર્ટ તથા મેન્યુફેક્ચરીંગ મુખ્યત્વ ઉદ્યોગો છે.

દર વર્ષે યોજાતો ત્રણ દિવસનો આ ટ્રાવેલ ટ્રેડ શો એક્ઝિબીટર્સ અને વિઝીટર્સ માટે નેટવર્કિંગ તથા બિઝનેસ મિટીંગ માટે ઉત્તમ વ્યવસ્થા પૂરી પાડે છે. એક્સક્લુઝીવ B2B શો હોવાના કારણે ત્રણ દિવસ તે ટ્રાવેલ ટ્રેડ વિઝીટર્સ માટે અનામત રખાયો છે. આ સમારંભને પ્રવાસન મંત્રાલય સહિત, ભારત સરકાર, એબીટીઓ, એડીટીઓઆઈ, એટીએએ, ઈટીએએ, જીટીએએ, આઈએટીટીઈ, એનઆઈએમએ, ઓટીઓએઆઈ, રાગ, સાટા, એસજીટીસીએ, ટાઈ, ટીએએપીઆઈ, તાસ, ટીએએફઆઈ, ટીએજી, ટીએલસી, ટીઓએ સહિતની સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થયો છે.

# શનિવારે દહેગામ ખાતે ભવ્ય લોકડાયરાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ અને કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કઢેરી પ્રેરીત જિલ્લા યુવા વિકાસ અધિકારી ગાંધીનગર સંચાલિત તથા રાજેન્દ્રકુમાર શ્રીમાળીના સહ્યોગથી આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આગામી તા. ૨૬-૦૮-૨૦૨૩, શનિવારના રોજ રાત્રે ૦૮:૩૦ થી ૧૨ કલાક દરમ્યાન ગોપાલજી મંદિર, જુના ટાવર બજાર, દહેગામ ખાતે લોક ડાયરાના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ડાયરામાં મુખ્ય મહેમાન પદે દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ અને અતિથી વિશેષ પદે પ્રોફેસર-શેઠ સી. એન, કોલેઝ ઓફ ફાઈન આર્ટસ, અમદાવાદ ડાયરેકટર-લાઈન્સ કલબ "જોધપુર હીલ—પીસ પોસ્ટર રાજેશ વી. બારૈયા ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર મહાનુભાવોમાં કેતનભાઈ પટેલ પ્રમુખ, દહેગામ તાલુકા પંચાયત, સુમેરૂભાઈ અમીન ચેરમેન, છઁ.,સ.ઝ. દહેગામ, પીનાબેન શાહ પ્રમુખ, દહેગામ નગરપાલિકાનો સમાવેશ થાય છે. આ ડાયરાના કલાકારોમાં નરહરદાન ગઢવી જેઓ સાહિત્યકાર છે અને સ્ટેજ સંચાલન કરશે તેમજ રાજુભાઈ શ્રીમાળી લોક ગાયક (રાજતરંગ), નાગરભાઈ પ્રજાપતિ (આકાશવાણી રેડીયો કલાકાર) સુલોચનાબેન વ્યાસ (ઉત્તર ગુજરાતની કોયલ), બાબુજી ચતુરજી ઠાકોર (લોક ગાયક), રજનીકંત સુથાર (બેન્જો માસ્ટર), કશ્યપ શ્રીમાળી (તબલા માસ્ટર) રમેશ રમકડું (મંજીરાનો માણીગર) વગેરે પર્ફોર્મન્સ આપશે. આ ડાયરાને માણવા જાહેર જનતાને વિના મુલ્યે જાહેર આમંત્રણ આપવામાં આવ્યુંછે.